સળંગ એકમના શિક્ષકોની પુન:
ગઠનની વ્યવસ્થા કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૧૫-૧૨૧-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૪/૦૨/૨૦૨૦

વંચાણે લીધા :-

(૧)શિક્ષણ વિભાગનો તારીખ ૧૭/૧૨/૨૦૧૫નો ઠરાવક્રમાંક: ઉમશ-૧૧૧૫-૧૨૧-ગ.૧

(૨)કમિશનર શાળાઓની કચેરીની તારીખ ૧૧/૦૯/૨૦૧૮નો પત્ર ક્રમાંક: અનદ-૧/ધ/માધ્ય/૨૦૧૮/૧૯૧૪૭

સુધારા ઠરાવ :-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૧૭/૧૨/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવથી સરકારી તથા બિન સરકારી અનુદાનિત ધોરણ ૯ થી ૧૨ની સળંગ એકમ ધરાવતી શાળામાં માધ્યમિક વિભાગમાં શિક્ષકનું પ્રમાણ વર્ગદીઠ ૧.૫ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વર્ગદીઠ ૨.૫ હતુ તેને બદલે ઉક્ત ઠરાવમાં નિર્દિષ્ઠ કુલ ૦૪ શરતોને આધિન વર્ગ દીઠ ૦૨ શિક્ષકોનું પ્રમાણ મંજૂર કરવામાં આવેલ. કમિશનરશ્રી, શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૧૧/૦૯/૨૦૧૮ના પત્રથી વિભાગના તારીખ ૧૭/૧૨/૨૦૧૫ના ઠરાવ પરત્વે શિક્ષકોના પ્રમાણ અંગે જરૂરી સ્પષ્ટતા કરવા વિનંતી કરેલ.

પુખ્ત વિચારણાને અંતે શિક્ષણના વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૧૭/૧૨/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવમાં દર્શાવેલ કુલ ૦૪ શરતો પૈકી શસ્ત નં.(૨) રદ કરવામાં આવે છે તથા શરત નં.(૪) નીચે મુજબ વાંચવાની રહેશે.

*"ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહના એમ બંને વર્ગ ચાલતા હોય અને તેમાં પણ જો વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહમાં અગત્યના વિષય શિક્ષકની ખોટ રહેતી હોય તો નિયમાનુસારની કાર્યભારણની વહેંચણી ધ્યાને લઇને જરૂર મુજબ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં વધારાનો વિષય શિક્ષક આપવાનો રહેશે."*

Scanned by CamScanner

વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૧૭/૧૨/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૦૩/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.એસ.પટેલ)
ઉપ સચિવ
**શિક્ષણ વિભાગ.**

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ટે.શિ. અને ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (ટે.શિ. અને ઉ.શિ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, છ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય: ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ની આનુષંગિક જોગવાઇઓમાં સુધારો કરવા સારૂ.
- કમિશનર શાળાઓની કચેરી, ૯/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

Scanned by CamScanner